# Quad Senior Officials Meeting

August 12, 2021

---

# ક્વોડ સિનિયર અધિકારીઓની બેઠક

ઓગસ્ટ 12, 2021

ભારતીય વિદેશ મંત્રાલય, ઓસ્ટ્રેલિયાના ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેન અફેર્સ એન્ડ ટ્રેડ, જાપાનના વિદેશ મંત્રાલય અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ તેમની વાટાઘાટો ચાલુ રાખવા માટે 12 ઓગસ્ટે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠક કરી હતી. ફેબ્રુઆરીમાં યોજાયેલી ક્વોડ વિદેશ મંત્રીઓની બેઠક બાદ માર્ચ 2021માં ઐતિહાસિક પ્રથમ લીડર્સ સમિટ યોજાઈ હતી, જેમાં હકારાત્મક વિઝન અપનાવાયું હતું અને સમકાલિન પડકારોનો સામનો કરવા માટે સહકારને વધુ મજબુત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરાયો હતો.

આ વાટાઘાટોએ કોવિડ-19 રોગચાળાની ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વ્યાપક અસર, તથા રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે સામુહિક પ્રયાસોના મહત્ત્વ, આરોગ્ય સુરક્ષાની જાળવણી અને ઝડપી આર્થિક રિકવરી પર વિચારોનું આદાન પ્રદાન કરવા એક તક પૂરી પાડી હતી. આ સંદર્ભમાં તેમણે ક્વોડ વેક્સિન પહેલની પ્રગતિની સમીક્ષા કરી હતી જેની લીડર્સ દ્વારા જાહેરાત કરવામાં આવી છે, જે રસીના ઉત્પાદનને વધારવાનો અને તેના સમાન એક્સેસનો હેતુ ધરાવે છે.

અધિકારીઓએ સામાન્ય હિતના મુદ્દાઓની સમીક્ષા કરી હતી અને મજબૂત સપ્લાય ચેઈન, ઉભરતી અને ક્લિટિકલ ટેક્નોલોજી, સમુદ્રી સુરક્ષા, સાયબર સિક્યોરિટી, ત્રાસવાદનો મુકાબલો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી, ઉચ્ચ શિક્ષણ, ક્લાઈમેટ ચેન્જ, માનવીય સહાય અને આફતો સામે રાહતના ક્ષેત્રે સહયોગ માટે સંભાવનાઓ ચકાસી હતી.

પોતાના સમાન મૂલ્યો અને સિદ્ધાંતોનો પુનરોચ્ચાર કરતા અધિકારીઓએ મુક્ત, ખુલ્લા, સમૃદ્ધ અને સર્વાંગી ઈન્ડો-પેસિફિક રિજન અંગે પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી જે આંતરરાષ્ટ્રીય કાયદાના સન્માન પર આધારિત હોય. તેમણે આસિયાન કેન્દ્રિત, ઈન્ડો-પેસિફિક અંગે આસિયાન આઉટલૂક અને પ્રાદેશિક આર્કિટેક્ચરમાં આસિયાન પ્રેરિત મિકેનિઝમ માટે નક્કર ટેકાનો પૂનરોચ્ચાર કર્યો હતો.

અધિકારીઓએ ચાલુ વર્ષે યોજાનારી આગામી વિદેશ મંત્રીઓની બેઠકમાં નિયમિત વાટાઘાટ આગળ વધારવા માટે યોજના ધરાવે છે.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 12, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.